રાજ્ય સરકારે સ્વીકારેલ કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે સાતમા પગાર પંચની ભલામણોનો લાભ ગુજરાત રાજ્ય જળસંપત્તિ વિકાસ નિગમ લિમીટેડ, ગાંધીનગરના વર્કચાર્જ કર્મચારીઓ/રોજમદારોને આપવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
**ઠરાવ ક્રમાંક:ડબલ્યુસીઈ/૧૦૨૦૧૬/૮૫૬/૨૬૨/અ**
સચિવાલય, ગાંધીનગર.
**તારીખ:૦૫/૦૧/૨૦૧૮**

વંચાણે લીધા:

(૧) ન.જ.સં.પા.પુ. અને ક.વિભાગનો તા.૧૮/૦૫/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક:ડબલ્યુસીઈ/૧૦૨૦૦૯/૧૬૨૪/૧૨૯/પા.ફા.૨/અ

(૨) નાણા વિભાગનો તા.૧૬/૦૮/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૧૬/૧/પગારએકમ.

(૩) ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડ, ગાંધીનગરના સંચાલક મંડળની તા.૨૩/૦૯/૨૦૧૬ ની ૨૧૬ મી બેઠકનો ઠરાવ નં.૨૧૬/૧૪.

આમુખ:

ઉપર સંદર્ભ (૨) માં દર્શાવેલ નાણા વિભાગના તા.૧૬/૦૮/૨૦૧૬ ના ઠરાવથી રાજ્ય સરકારના કર્મચારીઓને સાતમા પગાર પંચ મુજબ નવા પગારધોરણનો લાભ આપતા હુકમો થતાં, ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડ, ગાંધીનગર ખાતે ફરજો બજાવતા વર્કચાર્જ સેવાના(કામખર્ચિત) મહેકમના કર્મચારીઓ/રોજમદારોને પણ સાતમા પગારપંચનો લાભ આપવા સંદર્ભ (૩) મુજબની દરખાસ્ત મળેલ હતી. તે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. આ અંગે સરકારશ્રી દ્વારા પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબનો ઠરાવ બહાર પાડવામાં આવે છે.

I.T. Cell

ઠરાવ:

ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમીટેડ, ગાંધીનગર ખાતે ફરજ બજાવતા વર્કચાર્જ કર્મચારીઓ/રોજમદારો જેઓને સંદર્ભ (૧) માં દર્શાવેલ તા.૧૮/૦૫/૨૦૧૨ ના ઠરાવ અનુસાર છઠ્ઠા પગાર પંચની ભલામણો મુજબ લાભ આપવામાં આવેલ હતો. જેથી પુખ્ત વિચારણાને અંતે ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમના વર્કચાર્જ મહેકમના ૧૧ સંવર્ગોના કુલ ૯૪૧ વર્કચાર્જ કર્મચારી અને રોજમદારના અર્ધકુશળ અને કુશળ સંવર્ગના કુલ ૩૬૪ રોજમદાર કર્મચારીઓ મળી તા.૦૧/૦૧/૨૦૧૬ની સ્થિતિએ ભરાયેલ કુલ જગ્યાઓ ૧૩૦૫ (તા.૦૧/૦૧/૨૦૧૬ની સ્થિતિએ વર્કચાર્જ મહેકમમાં ૯૪૧ જગ્યાઓ ભરાયેલ છે તે પૈકી ૫૫૦ જેટલા વર્કચાર્જ કર્મચારીઓ તેમજ ૩૬૪ રોજમદાર કર્મચારીઓ પૈકી ૨૨૨ રોજમદારો સરકારશ્રીની વિવિધ કચેરીઓમાં પ્રતિનિયુક્તિના ધોરણે ફરજ બજાવે છે.) ને રાજ્ય સરકારે

મંજૂર કર્યા મુજબના ધોરણે સાતમા પગારપંચ પ્રમાણેના પગારધોરણો આ સાથેની અનુસૂચિ (૧) અને (૨) માં દર્શાવ્યા મુજબ કોલમ-૩ અને ૪(સુધાર્યા પૂર્વેના પગારધોરણ)માં દર્શાવેલ પે બેન્ડ અને ગ્રેડ-પે ની સામે પે મેટ્રીક્ષ(કોલમ-૫) મુજબ 'સ્કેલ ટુ સ્કેલ' ના ધોરણે તારીખ:૦૧/૦૧/૨૦૧૬ થી અમલી બને તે મુજબ નીચેની શરતોને આધિન મંજૂર કરવામાં આવે છે.

શરતો:

(૧) ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમીટેડના ઉપર દર્શાવેલ અનુસૂચિ (૧) અને (૨)માં દર્શાવેલ જગ્યાઓ સિવાયની કોઇપણ જગ્યાને સાતમા પગાર પંચનો લાભ આપી શકાશે નહી. ઉપરાંત ફિક્સ પગારની તેમજ કરાર આધારિત જગ્યાઓને સાતમા પગાર પંચનો લાભ આપી શકાશે નહી.

(૨) ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ દ્વારા રાજ્ય સરકારની મંજૂરી વિના કોઈ જગ્યા નિગમમાં ઠરાવ કરીને ઉભી કરી શકાશે નહી અને તેને સાતમા પગારપંચ મુજબનો પગાર આપી શકાશે નહી. જેટલી જગ્યાઓ માટે સાતમા પગાર પંચનો લાભ આપવા માટે મંજૂરી આપવામાં આવેલ છે તે સિવાયની કોઈપણ જગ્યાને સાતમા પગારપંચનો લાભ આપી શકાશે નહી. આ માટે પાછળથી નિગમ પોતાની સત્તાનો ઉપયોગ કરીને કોઈ કાર્યવાહી હાથ ધરશે તો નિગમના મેનેજીંગ ડીરેકટર તેમજ વહીવટી અધિકારીની જવાબદારી નક્કી કરવાની રહેશે.

(૩) ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ દ્વારા આ પગાર સુધારણાનો અમલ તા.૦૧/૦૧/૨૦૧૬ થી ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૧૬ અનુસાર અને તેની જોગવાઈઓને આધિન 'સ્કેલ ટુ સ્કેલ' ના ધોરણે કરવાનો રહેશે. જ્યારે તેનો વાસ્તવિક અમલ વિભાગ દ્વારા આ અંગેના હુકમો કરવામાં આવે તે મહિનાના પછીના મહિનાની પહેલી તારીખથી અમલ કરવાનો રહેશે. તા.૦૧/૦૧/૨૦૧૬ થી ખરેખર પગાર ચુકવણી સુધીના સમયગાળાના તફાવતની રકમ ચુકવવા અંગે રાજ્ય સરકારના કર્મચારીઓ માટે જ્યારે નિર્ણય લેવામાં આવે ત્યારે અને તે મુજબ ચૂકવણી કરવાની રહેશે.

(૪) હાલમાં મળતા તમામ ભથ્થાઓ તેમજ મોંઘવારી ભથ્થા સિવાયના અન્ય લાભો છઠ્ઠા પગારપંચના પગાર મુજબ તેમજ તે દર મુજબ મળવાપાત્ર થશે. નિગમના કર્મચારીઓની પગાર બાંધણી બાબતે ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૧૬ની જોગવાઈઓ ધ્યાને લેવાની રહેશે. પગાર સુધારણા કરતી વખતે તમામ સંવર્ગોમાં 'સ્કેલ ટુ સ્કેલ' મેચિંગ કરવાનું રહેશે.

(૫) ઉપર જણાવેલ કોષ્ટકમાં દર્શાવવામાં આવેલ પગાર ધોરણ પણ નિગમ દ્વારા ચકાસવાના રહેશે અને સ્કેલ ટુ સ્કેલ મુજબ યોગ્ય જણાયે જ પગાર બાંધણી કરવાની રહેશે. તેમાં વિસંગતતા જણાયે પુન: દરખાસ્ત કરી મંજૂરી મેળવાની રહેશે.

(૬) છઠ્ઠા પગાર પંચ મુજબની પગાર બાંધણીની ચકાસણી સક્ષમ સત્તાધિકારી દ્વારા કરવામાં આવેલ હોય તેવા કર્મચારીઓની જ સાતમા પગારપંચ પ્રમાણે ઓન લાઈન પગાર બાંધણી કરવાની

રહેશે. પગાર બાંધણીની ચકાસણી બાકી હોય તેવા કર્મચારીની સાતમા પગારપંચ મુજબ પગાર બાંધણી થઈ શકશે નહી. તેવા કર્મચારીની પગાર બાંધણી કરી સાતમા પગારપંચ મુજબ આકારવામાં આવશે તો તે અંગે સંબંધિત અધિકારીની જવાબદારી નક્કી કરવાની રહેશે.

(૭) ઓન-લાઇન પગાર બાંધણી કરનાર સક્ષમ અધિકારી/ડી.ડી.ઓ.(ઉપાડ અને વહેંચણી અધિકારી) દ્વારા વર્કચાર્જ કર્મચારીની વર્કચાર્જ અને રોજમદાર કર્મચારીની રોજમદાર તરીકે જ પગાર બાંધણી કરવાની રહેશે. નિયમિત સરકારી-કાયમી કર્મચારી તરીકે પગાર બાંધણી કરી શકશે નહી. જો આ વિભાગના હુકમ/ઠરાવ દ્વારા અગાઉ વર્કચાર્જ કર્મચારીની સાતમા પગારપંચ મુજબની પગાર બાંધણી કરવામાં આવેલ હશે તે તાત્કાલિક અસરથી રદ કરવાની રહેશે અને વર્કચાર્જ કર્મચારીની વર્કચાર્જ અને રોજમદાર કર્મચારીની રોજમદાર તરીકે જ પગાર બાંધણી કરવાની રહેશે.

(૮) ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમીટેડ, ગાંધીનગરના વર્કચાર્જ મહેકમના ૧૧ સંવર્ગોના કુલ ૯૪૧ વર્કચાર્જ કર્મચારીઓ અને રોજમદારના અર્ધકુશળ અને કુશળ સંવર્ગના કુલ ૩૬૪ રોજમદાર કર્મચારીઓ મળી કુલ ભરાયેલ જગ્યાઓ ૧૩૦૫ છે. તા.૦૧/૦૧/૨૦૧૬ ની સ્થિતિએ વર્કચાર્જ મહેકમમાં ૯૪૧ જગ્યાઓ ભરાયેલ છે. તે પૈકી ૫૫૦ જેટલા વર્કચાર્જ કર્મચારીઓ તેમજ ૨૨૨ રોજમદારો સરકારશ્રીની વિવિધ કચેરીઓમાં પ્રતિનિયુક્તિના ધોરણે ફરજ બજાવે છે. પ્રતિનિયુક્તિ પર ફરજો બજાવતા કર્મચારીઓની પગાર બાંધણીની કાર્યવાહી ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમની રહેશે. પરંતુ તેમના પગાર તફાવતના રકમની ચુકવણી પ્રતિનિયુક્તિ પર ફરજ બજાવતા હોય તે કચેરી/નિગમ દ્વારા ચુકવવાની રહેશે.

(૯) રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ જગ્યાઓ પર બોર્ડ/નિગમ દ્વારા નિયત ભરતી પ્રક્રિયા દ્વારા ભરેલ જગ્યાઓને જ સાતમા પગાર પંચ મુજબ સુધારણાનો લાભ મળવાપાત્ર થશે. તે સિવાયની જગ્યાઓ માટે રાજ્ય સરકારની જવાબદારી રહેશે નહી તથા તે માટે કોઈ અનુદાન (પગાર-ભથ્થા અને નિવૃત્તિના લાભો માટે) રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવશે નહી.

(૧૦) નિગમની કોઈ જગ્યા પોતાની રીતે ભરી હશે તો અથવા આવી જગ્યાઓને પગાર સુધારણાનો લાભ આપવાનો રહેશે નહી. તેમજ કોઇ પણ જગ્યાના નામાભિધાન કે પગાર ધોરણ બદલી શકાશે નહી.

(૧૧) સાતમા પગાર પંચ મુજબના સુધારેલ પગાર માળખામાં પગાર સુધારણા પગાર બાંધણીના સ્વીકાર અંગે વર્કચાર્જ કર્મચારીઓ નિયમોનુસાર નિયત નમૂનાના ફોર્મમાં વિકલ્પ આપી શકશે. કર્મચારી પાસેથી વિકલ્પ મેળવ્યા બાદ વિકલ્પ અનુસારની તારીખ મુજબ પગાર બાંધણી કરવાની રહેશે. એક વખત આપવામાં આવેલ વિકલ્પ આખરી ગણાશે.

(૧૨) હાલ ફરજ બજાવતા વર્કચાર્જ કર્મચારીઓ/રોજમદારોની હાલની કચેરીમાં કામના ભારણ ધ્યાને લઈ જરૂરિયાત અંગેની સમિક્ષા કરવાની રહેશે અને જરૂરી ન હોય તેવા વર્કચાર્જ કર્મચારીઓ/ રોજમદારોને અન્ય કચેરીમાં જ્યાં કર્મચારીઓની જરૂર હોય ત્યાં બદલીથી મુકવાના રહેશે.

(૧૩) નિગમ દ્વારા રાજ્ય સરકારની કરકસરની નીતિનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે અને આઉટસોર્સથી કામગીરી લઇ શકાતી હોય તેવી જગ્યાઓને કામગીરી આઉટસોર્સથી મેળવવાની રહેશે.

(૧૪) આ પગાર સુધારણાને કારણે થયેલ પગાર બાંધણી કે અન્ય કારણસર વર્કચાર્જ કર્મચારીઓ/રોજમદારોને ચુકવાયેલ વધારાની રકમ વસુલ કરવાની થાય તો વર્કચાર્જ કર્મચારીઓ/રોજમદારો પાસેથી તે રકમ પરત કરવા અંગેની બાંહેધરી મેળવવાની રહેશે.

(૧૫) નિગમના તમામ કર્મચારીઓનું IFMS સિસ્ટમ દ્વારા ફરજીયાતપણે ઓનલાઇન પે-ફીક્સેશન તથા ઓનલાઈન પે-વેરીફિકેશન કરાવવાનું રહેશે. વેરીફિકેશન કરાવવાની જવાબદારી જે તે સંસ્થાના વડાની રહેશે. છઠ્ઠા પગારપંચ પ્રમાણે કર્મચારીની પગાર બાંધણી કરવામાં આવેલ હોય અને વેરીફિકેશન થયેલ હોય તે કર્મચારીની તમામ વિગતો અદ્યતન કરી ત્યારબાદ જ સાતમા પગાર પંચ મુજબ પગાર બાંધણી કરવાની રહેશે.

આ હુકમો વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપર અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગની તારીખ:૨૬/૧૨/૨૦૧૭ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રમેશ પટેલ)
નાયબ સચિવ
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

બિડાણ: અનુસૂચિ (૧) અને (૨)

પ્રતિ,

- માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓના, સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી.
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણા) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (જ.સં.) ના અંગત સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- ખાસ સચિવશ્રી (જ.સં.) ના અંગત સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ નિયામકશ્રી (ઇડીપી સેલ), ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલર-૧, (ઓડીટ) ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલ-૨, (એ.એન્ડઈ.) ગુજરાત રાજય અમદાવાદ/રાજકોટ કાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- સીનીયર ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ.
- નિયામકશ્રી, હિસાબી અને તિજોરી, અમદાવાદ/ગાંધીનગર.
- પેન્શન અને પ્રોવિડન્ટ નિયામકશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પેન્શન ચૂકવણા અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- લેબર કમિશનરશ્રી, ગાંધીનગર.
- વહીવટી સંચાલકશ્રી, ગુજરાત રાજ્ય જળસંપત્તિ વિકાસ નિગમ લિ., ગાંધીનગર.
- નિયામકશ્રી, વાલ્મી, આણંદ
- આસીસ્ટન્ટ જનરલ મેનેજરશ્રી(પી એન્ડ એ), સરદાર સરોવર નિગમ લિ., સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ગેરી, વડોદરા.
- નાયબ સેકશન અધિકારીશ્રી સિલેકટ ફાઇલ.
- શાખા સિલેકટ ફાઇલ-૨૦૧૮
- * પત્ર દ્વારા.
- આઇ. ટી. કોર્ડીનેટર, ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ, આ ઠરાવ આ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે.

## અનુસૂચિ (૧) વર્કચાર્જ કર્મચારીઓ

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તા.૦૫/૦૧/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક:ડબલ્યુસીઈ/૧૦૨૦૧૬/૮૫૬/૨૬૨/અ સાથેનું બિડાણ

| ક્રમ | વર્કચાર્જ સંવર્ગનું નામ | છઠ્ઠા પગારપંચ મુજબના પે બેન્ડ અને ગ્રેડ પે | | | સાતમા પગારપંચના પે મેટ્રીક્ષના લેવલ પ્રમાણે લઘુત્તમ પગાર(રૂ.) |
|---|---|---|---|---|---|
| | | પે સ્કેલ | પે બેન્ડ | ગ્રેડ પે | |
| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | વર્ક આસીસ્ટન્ટ | પીબી-૧ | ૫૨૦૦- ૨૦૨૦૦ | ૨૪૦૦ | ૨૫૫૦૦ |
| ૨ | વાયરમેન | પીબી-૧ | ૫૨૦૦- ૨૦૨૦૦ | ૧૯૦૦ | ૧૯૯૦૦ |
| ૩ | ઓપરેટર | પીબી-૧ | ૫૨૦૦- ૨૦૨૦૦ | ૧૯૦૦ | ૧૯૯૦૦ |
| ૪ | સીનીયર આસીસ્ટન્ટ મિકેનિક | પીબી-૧ | ૫૨૦૦- ૨૦૨૦૦ | ૨૮૦૦ | ૨૯૨૦૦ |
| ૫ | ફીટર હાયર ગ્રેડ | પીબી-૧ | ૫૨૦૦- ૨૦૨૦૦ | ૨૪૦૦ | ૨૫૫૦૦ |
| ૬ | ફીટર લોઅર ગ્રેડ | પીબી-૧ | ૫૨૦૦- ૨૦૨૦૦ | ૧૯૦૦ | ૧૯૯૦૦ |
| ૭ | વાઇન્ડર-કમ-મિકેનિક | પીબી-૧ | ૫૨૦૦- ૨૦૨૦૦ | ૨૮૦૦ | ૨૯૨૦૦ |
| ૮ | ડ્રાઇવર | પીબી-૧ | ૫૨૦૦- ૨૦૨૦૦ | ૧૯૦૦ | ૧૯૯૦૦ |
| ૯ | હેલ્પર | ૧ એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | ૧૪૮૦૦ |
| ૧૦ | ચોકીદાર | ૧ એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | ૧૪૮૦૦ |
| ૧૧ | લેબર | ૧ એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | ૧૪૮૦૦ |

## અનુસૂચિ (૨) રોજમદારો

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તા.૦૫/૦૧/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક:ડબલ્યુસીઈ/૧૦૨૦૧૬/૮૫૬/૨૬૨/અ સાથેનું બિડાણ

| ક્રમ | રોજમદાર સંવર્ગનુ નામ | છઠ્ઠા પગારપંચ મુજબના પે બેન્ડ અને ગ્રેડ પે | | | સાતમા પગારપંચના પે મેટ્રીક્ષના લેવલ પ્રમાણે લઘુત્તમ પગાર (રૂ.) |
|---|---|---|---|---|---|
| | | પે સ્કેલ | પે બેન્ડ | ગ્રેડ પે | |
| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અર્ધ કુશળ/બિન કુશળ | ૧ એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | ૧૪૮૦૦ |
| ૨ | કુશળ | પીબી-૧ | ૫૨૦૦- ૨૦૨૦૦ | ૧૯૦૦ | ૧૯૯૦૦ |

(રમેશ પટેલ)
નાયબ સચિવ
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ